

March 2023| Issue No. 40| A monthly newsletter

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

PRABHAT
EDUCATION FOUNDATION

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કેજે2003થી
અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ
સાથે કાર્ય કરે  છે. સંસ્થા વિશિષ્ટ
જરૂરિયાત ધરાવતા બાળકો અનેપુખ્તવયના લોકોના
માનચસક અને શારીરિક પડકારોમાં મદદ કરે છે. સંસ્થા ૩
પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે  છે. – પ્રભાત સેન્ટર  , સમુદાય આધાચિત
પુનર્વસન  અને એડવોકસી દ્વારા નેટવર્કિંગ
પ્રભાત એક બાળક સાથે પહેલા કામ શરુ કર્યું હતું અને આજે
તેનો વિકાસ  અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા
3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો ,પાડોશીઓ
અને સમુદાયોને સ્પશછે.



ખુશી વહેંચવાથી વધે છે.....

દરેક વ્યક્તિમાં વિકાસ કરવાની / આગળ વધવાની સંભાવનાઓ છે જરૂર તેને યોગ્ય અવસર મળવાની. ખુશનુમા સાથેનો અનુભવ પણ પ્રભાત માટે એવો જ રહ્યો. જન્મથી જ કાને એના શબ્દે સંભળાયો નથી અને તે મોઢાથી કઈ બોલી નથી. આમ છતાં ઈશારાથી , હાવભાવ થી તે પોતાની વાત રજુ કરે છે. 1 થી 8 સુધીનો અભ્યાસ સરકારી શાળામાં કર્યો. પોતાના મિલનસાર અને શાંત સ્વભાવને લીધે દરેક ની ગમતી વ્યક્તિ તે બની રહી. પરંતુ આગળના અભ્યાસ માટે ન તો પરિવારે હિંમત કરી અને નહિ સંજોગોએ. તેનું અભ્યાસ ત્યારથી અટકી ગયો. ઘરે જ રહેતી ખુશનુમા ઘરના કામમાં મદદ કરતી. પરંતુ પોતાને કઈ કરવું છે એવી એની એક ઈચ્છા સતત હતી અને તેથી જ તે ઘરે રહેલ સિલાઈ મશીન પર મથ્યા કરતી. પરંતુ યોગ્ય તાલીમ અને માર્ગદર્શન ના અભાવ ને લીધે તેની ઈચ્છા પૂરી થતી ન હતી.

પરિવારે તેની ઈચ્છાથી અવગત થયા અને સાથે પ્રભાત જેવી સંસ્થા થી પણ તેમનો પરિચય થયો. સોનામાં જાણે સુંગધ ભળી. ખુશનુમા માટે વોકેશનલ ટ્રેનીગ માં સિલાઈ મશીન શીખવાનું દરવાજો ખુલ્યો. તેનો ખુશીનો પાર ન હતો. જે જોઈતું હતું તે મળ્યું. ખુશનુમા ની શીખવાની ઉત્સુકતા થી તે ખુબ ઝડપથી સિલાઈ કામ માટે ડ્રોઈંગ, કટિંગ અને સિલાઈ ના પગથીયા ચડતી ગઈ. તેનું ડ્રોઈંગ તો ખુબ સરસ જે કુશળતા અને નોલેજ ની જરૂર હતી તે તેને ટ્રેનીંગ દરમ્યાન મળતી ગઈ.

આ સાથે પ્રભાતના અન્ય કાર્યક્રમોમાં પણ તે ઉત્સાહ સાથે ભાગ લેવા લાગી. ક્રાફ્ટ માં તેને બહુ જ રસ પડે તેથી જયારે પણ સિલાઈ માંથી તેને સમય મળે તે આવી જાય અને નવી નવી વસ્તુઓ શીખ્યા કરે. આ સફર તેની કુશળતા ને વિકસાવવા માટે ખુબ અસરકારક બની રહી. તેને સિલાઈ શીખવાડતા અનીતા બહેન કહે છે. '' ઉસકો શીખને ક ઉત્સાહ હી બહોત હૈ, ઈસલીયે જલ્દ હી i શીખ જાતી હૈ. ''

શીખવાની સાથે મિત્રો પણ નવા બનાવ્યા છે. તો પોતાના થી નાના બાળકો ને હાથ પકડી ને લઇ જતી હોય , તેમને જરૂર હોય તો મદદ કરતી ખુશનુમા પ્રભાત ની વોકેશનલ ટ્રેનીગ ની ટીમ નો એક અભિન્ન અંગ બની ગઈ છે. દરેક ની નજરે તે ચોક્કસ ચડે. તેની સહજતા અને સૌમ્યતા દરેકને આકર્ષિત કરે છે.

સિલાઈ શીખ્યા બાદ, તે આત્મનિર્ભર બને એવી એમના મોટા ભાઈ ની ઈચ્છા છે. પોતાની નાની બહેન માટે એક સંવેદનશીલ ભાઈ તરીકે તેને પ્રોત્સાહિત કરવાની તૈયારી અન્ય પરિવાર માટે પણ એક પ્રેરણાદાયી બને છે. કોઈ પણ સ્થિતિમાં બાળક હોય ત્યારે જો પ્રથમ પરિવાર તેને સંપૂર્ણ સ્વીકારે છે ત્યારે બાળક ચોકક્સ પ્રગતિ ની દિશા માં આગળ વધી શકે છે. આ પ્રકારના પરિવારો બાળક માટે એવા અવસરો અને તક પણ શોધી શકે છે જે તેમના બાળક માટે ઉપયોગી બનતું હોય છે. ખુશનુમાને પ્રભાત માં જોડી ને તેમણે એક પરિવાર તરીકેની પોતાની ફરજ નિભાવી છે. તો પ્રભાત દ્વારા ખુશનુમા એ દરેક શિક્ષણ આપવામાં આવી રહ્યું છે જેનાથી તે આત્મનિર્ભર બની શકે.

આમ, 'સ્પેશીયલ બાળક ' ની આ આત્મ નિર્ભર બનવાની સફરમાં પરિવાર, સમુદાય, પ્રભાત જેવી સંસ્થા અને સરકાર ને એક ઈકો સીસ્ટમ તરીકે કાર્ય કરવું પડશે. તો જ ખુશનુમા ના જીવન માં ખરા અર્થમાં ' ખુશી' કાયમ બની રહેશે.







**સર્જનાત્મકતાને એક મુલ્ય તરીકે વિકસતી કરતા રહેવું.** :પ્રભાતમાં નવી સોચ અને નવા વિચારો સાથે સર્જનાત્મકતા વિકસે એ માટે સતત કાર્ય થતું હોય છે. 'સ્પેશીયલ બાળકો ' સાથે નવીન રીતે શીખવાના સાધનો તથા એમના જીવનમાં એવા સાધનો કે ટેકનીક વિકસે જેનાથી વધારે સરળ રીતે તેઓ જીવન જીવી શકે. આ માટે NIDના વિદ્યાર્થીઓ દ્વારા સેરિબ્રલ પાલ્સી- CP (CEREBRAL PALSY) બાળકો માટે તેઓ પ્રોડ્કટ બનાવવાનું વિચાર કર્યો. જેનાભાગ રૂપે વિદ્યાર્થીઓ દ્વારા CP બાળકો ના ઘરે મુલાકાત કરવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા તેમની સ્થિતિને સમજવાનો અને તેમને આવતી અડચણને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તેમના દ્વારા ડેમો પ્રોડક્ટનું પ્રેઝન્ટેશન નિષ્ણાતોની હાજરીમાં થયું. જેમાં પ્રભાત તરફથી ડાયરેક્ટર કેશવ ચેટરજી અને સ્પેશીયલ એજ્યુકેટર કાશ્મીરા બહેનએ પણ હાજરી આપી હતી.

**સરળ શીખવાની પદ્ધતિ માટેના સાધનો-** TLM (Teaching learning material ) હમેશા બનાવવામાં આવે છે અને કોલેજના ઇન્ટર્નને પણ માર્ગદર્શન આપી તેમના દ્વારા બનાવવામાં આવે છે. પ્રભાત 'સ્કુલ પોગ્રામ' માટે અમદાવાદ યુનિવર્સીટી ના આવેલ વિદ્યાર્થીઓ દ્વારા TLM સ્કુલ પોગ્રામ માટે બનાવવામાં આવ્યું. જેમાં બાળકો સરળ રીતે શીખી શકે અને વધુ ને વધુ વિદ્યાર્થીઓ સુધી આ સાધનો દ્વારા શીખવાડી શકીએ તે હેતુ રહેલો હતો.

**વાલી મીટીંગ :** વાલી સાથે થતા 'સંવાદ' પ્રભાત માટે બાળકોની પ્રગતિ માટે એક સીડી નું કામ કરતુ હોય છે. તેથી જ યોગ્ય અંતરે વાલી સાથે મીટીંગ કરવામાં આવે છે. આ સંવાદ પ્રક્રિયામાં માત્ર એક તરફી નથી રહેતી. વાલી તરફથી આવતી જરૂરિયાત ને પણ ધ્યાનમાં રાખીને પ્રક્રિયાઓ કરવામાં આવે છે. આ વખતે મી ઇ –શ્રમ કાર્ડ ' માટેની પ્રક્રિયા કરવામાં આવી હતી. આ અન્વયે અગાઉથી જ આ માટે પાત્રતા અને જરૂરી દસ્તાવેજો ની માહિતી ને ધ્યાનમાં રાખીને વાલી એ બોલાવવામાં આવ્યા હતા અને સરકારી કર્મચારી દ્વારા તેમના ફોર્મ ભરવામાં આવ્યા હતા. 30 વાલીઓના ઇ શ્રમ કાર્ડ ભરવામાં આવ્યા હતા.

આ સાથે વાલી સાથે સંવાદ પ્રક્રિયામાં ખાસ કરીને તેઓ બાળકો માટે થતી ' આઉટીંગ ' ની પ્રવૃત્તિ માં બાળકોને વધારે સહભાગી બનાવે તે માટે તેમને સમજાવવામાં આવ્યું. કારણ કે, બાળકને બહારની દુનિયાથી અવગત કરવા એ તેમના વિકાસની પ્રક્રિયા માટે હમેશા ફાયદાકારક રહ્યું છે. પરંતુ ઘણીવાર નવા એડમીશન લીધેલ વાલી તરફથી ક્યાંક મૂંઝવણ , પ્રશ્નો હોય છે અને તેથી જ તેની સ્પષ્ટતા વાલીને મળે તે માટે તેમની સાથે વાત કરવામાં આવી. આ માટે તેમને પ્રેઝન્ટેશન, વિડીયો બતાવી બતાવવામાં આવ્યા.

આ ઉપરાંત, બેરલ માર્કેટ– ડેહલુ માં વાલી સાથે ચર્ચા કરતા ખ્યાલ આવ્યું હતું કે, એમને સરકારી યોજનાઓ ની માહિતી જરૂર છે. તેથી જ CRC (COMPOSITE REGIONAL CENTER) ઓઢવ થી સંકલન કરવામાં આવ્યું. વાલી મીટીંગ માં CRC થી આવેલ યાદવ સર દ્વારા વિકલાંગ વ્યક્તિ માટે વિવિધ સરકારી લાભની માહિતી આપવામાં આવી હતી. આ યોજના ના અમલ માટે તેમનો યોગ્ય સહકાર મળશે તેવી વાત કરી હતી.

**ઉજવણી :**

**મહિલા દિવસની ઉજવણી :** પ્રભાતના મજબુત પાયાના સ્તંભ એવા બાળકોની માતાઓની સાથે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીનોકાર્યક્રમ એક'અદભુત'અવસર બની ગયો.જેમાં માતાઓને મહિલા અધિકાર સંબંધિત કાયદાઓ અને યોજનાની માહિતી મળી રહે તે માટે ગુજરાત સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગથી અભયમ, મહિલા સહાયતા કેન્દ્ર અને વન સખી સ્ટોપ સેન્ટર દ્વારા ચાલતી યોજનાકીય માહિતી વિભાગ તરફથી મહિલાઓ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવી હતી. માતાઓએ પોતાના ,અનુભવોની વાત કહી કાર્યક્રમને જીવંતતા આપી હતી.આ કાર્યક્રમ જાણે માતાઓની હિમત અને આત્મવિશ્વાસ નો પર્યાય બની રહ્યો હતો.કનહિ પણ આપણે સંગઠિત છીએ તેવી લાગણી દરેકને થઇ હતી.

**હોળીની ઉજવણી :** રંગોહમેશા જીવનને 'કલરફૂલ' બનાવે છે. એક નવી આશા અને ખુશી સાથે જીવન જીવવાની પ્રેરણા આપે છે. હોળીનો તહેવાર એવો જ કઈ છે. પ્રભાતના બાળકો પણ 'રંગીન' તહેવારથી કઈ રીતે દુર હોઈ શકે ? ખુબ આનંદ અને ઉલ્લાસ સાથે આ તહેવાર ની ઉજવણી કરવામાં આવી. બાળકોએ ધાણી, ખજુર અને મજેદાર નાસ્તા સાથે એક બીજાને રંગ લગાડીને આ તહેવારની ઉજવણી કરી.

**નેટવર્કિંગ:** અન્ય સંસ્થા, વ્યક્તિ અને સમુદાયમાં સ્પેશીયલ બાળક માટે દરેક અવસરો ખુલ્લા થાય અને તેમનામાં આત્મવિશ્વાસ ઉભું થાય એ હેતુ થી સમાવેશી દ્રષ્ટિકોણ વિકસિત થાય તે માટે સતત પ્રભાત નેટવર્કિંગ કરે છે. એવો જ એક અવસર હતો, NOVOTEL હોટેલમાં. એસ.વી.પી. અને તેમના પાર્ટનર સાથેના કાર્યક્રમમાં પ્રભાત ના વોકેશનલ ટ્રેનીંગમાં જોડાયેલ બાળકોએ ટીમ સાથે ભાગ લીધો. અને તેમની સાથે આવેલ લોકોએ સંવાદ કરી એમના અનુભવ જાણ્યા. આ પ્રકારના અવસરોમાં બાળકોમાં આત્મવિશ્વાસ મજબુત બનતું હોય છે.

**વિસામો કિડ્સ** : આર્થિક જરૂરિયાતમંદ બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને તેમનું ભવિષ્ય ઉજ્જવળ બને તે હેતુથી કાર્ય કરે છે.તેમના દ્વારા પ્રભાત સંસ્થાની મુલાકાત લેવામાં આવી. જેમાં પ્રભાતના કાર્યને તેઓ સમજ્યા અને પ્રભાત તેના કાર્યક્ષેત્રમાં તેમને જમીની સ્તરના લોકો અને પ્રતિનિધિ સાથે જોડાણ કરવામાં સહભાગી બને તેવો પ્રસ્તાવ મુક્યો.

**મુલાકાત** : સી.આર.સી.ની સાથે પ્રભાતનું જોડાણ લાંબા સમયથી છે તેમના વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે પ્રેક્ટીકલ ક્લાસ માટે તેઓ પ્રભાત સેન્ટર પર આવે છે. આ જ સંદર્ભમાં તેમના સાહેબ શ્રી અને મેડમ દ્વારા સેન્ટર ની મુલાકાત લેવામાં આવી હતી. જેમના દ્વારા આવનાર સમયમાં ' સ્કુલ પોગ્રામ 'ના માધ્યમથી વિદ્યાર્થીઓ પ્રેક્ટીકલ ક્લાસ માટે અનુભવ મેળવે તેવો તેમના તરફથી પ્રસ્તાવ હતો. આ ઉપરાંત, નવા આવેલ મેડમ ને પ્રભાત સંસ્થા ના કાર્ય થી અવગત કરવાનો પણ ઉદેશ્ય આ મુલાકાત માટેનો રહ્યો હતો.

**એવોર્ડ:** સંસ્થામાં હમેશા તેના કાર્યકર એક મજૂબત સ્તંભ હોય છે. અને જયારે આવા કાર્યકરના કામને કોઇ અન્ય દ્વારા બિરદાવવામાં આવે ત્યારે તે વ્યક્તિની સાથે સંસ્થાને પણ ગૌરવની લાગણી અનુભવાય છે. આવું જ ગૌરવ અપાવ્યું છે કિરણ ભાઈ પરમાર અને કિશોર ભાઈએ. VISHALWIN FOUNDATION તરફથી The Gurdiann Angel Award આ બંને કર્મનિષ્ઠ ને એનાયત કરવામાં આવ્યો. પ્રભાત એમને અભિનંદન પાઠવે છે.

**સહાયક સેવાઓ :** આ મહિનામાં સિવિલ સર્ટીફીકેટ 9, ઓફલાઈન રેલ્વે પાસ 6 અનેઓનલાઈન રેલ્વે પાસ 10 ફોર્મ ,9 એસ.ટી. પાસ ઓનલાઇન ફોર્મ અને 5 વ્યક્તિઓ માટે પેન્શન યોજના માટે ના ફોર્મ ભરવામાં આવ્યા.











**પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી**



પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. મહિલાઓને તેમને મળતી યોજનાઓના લાભ અને ફિઝિયોથેરાપી, શિક્ષણ અને વોકેશનલ ટ્રેનિંગ પણ અપાઈ.



**Prabhat Education Foundation**
# 325, Iscon Emporio
Beside Star Bazaar, Satellite
Ahmedabad 380015

**Phone:** +91-79-4890-305
**Email:**prabhat@prabhatedu.org
**Website:**www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION